# વિભાગ 13 – રજા

## જિલ્લાકક્ષાના માન્ય માધ્યમિક શાળાનાં શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક મંડળો, સંઘોના હોદ્દેદારોને ખાસ પ્રાસંગિક રજા આપવા અંગે

શિક્ષણ અને મજૂર વિભાગ, ઠરાવક્રમાંક : એસએસએન/3473/60327-ગ,
સચિવાલય, ગાંધીનગર, તા. 3-10-'73

**ઠરાવ :** માધ્યમિક શાળાઓના શૈક્ષણિક કર્મચારીઓના માન્ય જિલ્લા કક્ષાના સંઘોના હોદ્દેદારોને કેલેન્ડરવર્ષ દરમિયાન રાષ્ટ્રીય કે રાજ્ય કે જિલ્લાકક્ષાએ સેમિનાર (પરિષદ) તેમ જ સંઘને લગતી બેઠકો (પરિષદો) અને બીજી પ્રવૃત્તિઓમાં હાજરી આપવા કેલેન્ડરવર્ષમાં વધુમાં વધુ 10 દિવસની ખાસ પ્રાસંગિક રજાઓ નીચે દર્શાવેલ સત્તાને આધીન રહીને મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે. આ પ્રકારની રજાઓ જે તે શિક્ષક/કર્મચારીને તેની સામાન્ય પ્રાસંગિક રજા મંજૂર કરવાની સત્તા ધરાવતા શાળાના આચાર્યશ્રી અથવા સંચાલકમંડળે મંજૂર કરવી અને મતભેદ પડે તો જ તે જિલ્લાના શિક્ષણાધિકારીનો નિર્ણય છેવટનો ગણાશે.

(1) આ પ્રકારની ખાસ રજા શિક્ષણનિયામકશ્રીએ આ વિભાગના તા. 20-12-'66 ના ઠરાવક્રમાંક એસએસએન-1865-ગ હેઠળ અને તા. 5-10-'67ના ઠરાવક્રમાંક : એસએસએન-1865-ગ હેઠળ બિનસરકારી માધ્યમિક શાળાઓના સંઘોને માન્યતા આપવાના સરકારે મંજૂર કરેલા નિયમો મુજબની કાર્યવાહી કરીને તે હેઠળ માન્ય કરેલા જિલ્લા કક્ષાના હોદ્દેદારોને મળવાપાત્ર થશે.

(2) કોઈપણ હોદ્દેદારોને એકી સાથે જુદાંજુદાં માન્ય મંડળો/સંઘોમાં એક કરતાં વધુ હોદ્દા પર હોય છતાં પણ તે આખા અંગ્રેજી વર્ષમાં 10 દિવસથી વધુ ખાસ પ્રાસંગિક રજા તેમને મળી શકશે નહિ.

(3) કોઈપણ હોદ્દેદારોને જે-તે વર્ગના કર્મચારીઓની નોકરી અંગેની ચર્ચા કરવા માટે મળતી રાજ્ય કે જિલ્લાકક્ષાના સેમિનાર/કૉન્ફરન્સમાં હાજરી આપવા માટે ખાસ પ્રકારની રજા આપવામાં આવશે નહિ. પરંતુ તે કૉન્ફરન્સ કે સેમિનાર માત્ર શૈક્ષણિક હેતુ માટે હશે તો ખાસ પ્રકારની રજા મંજૂર કરવામાં આવશે.

(4) શિક્ષણનિયામકશ્રી, અમદાવાદના હુકમની જાણ તમામ સંબંધિતોને કરવા વિનંતી કરવામાં આવે છે.

(5) આ હુકમ આ વિભાગની ફાઈલ નં.એસએસએણ-3473-60327-ગ પર સામાન્ય વહીવટ વિભાગની સંમતિ તારીખ 14-8-'73 ના રોજ તથા નાણા વિભાગની તારીખ 5-9-'73 ના રોજ મેળવીને બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, મો. લ. પંડ્યા

સેક્શન ઑફિસર, શિક્ષણ અને મજૂર વિભાગ